**GUJARAT ENERGY TRANSMISSION CORPORATION LIMITED**
Regd. Office: Sardar Patel Vidyut Bhavan, Race Course, VADODARA – 390 007.
**(CIN: U40100GJ1999SGC036018)**
Phone No.(0265) 2353086 (D) / Fax No.(0265) 2337918/2338164 (GUVNL)
Web site: www.getcogujarat.com- Email: acerc.getco@gebmail.com

## નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨નું ટ્રુ અપ તથા નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે એઆરઆર અને ટેરીફ પીટીશન નો સારાંશ:

1. ઇલેકટ્રીસીટી એક્ટ ૨૦૦૩ ની કલમ ૬૨ અને માન. વીજ નિયમન આયોગના મલ્ટી યર ટેરીફ રેગ્યુલેશન્સ ૨૦૧૬ મુજબ, ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ (ગેટકો) દ્વારા વીજ પરિવહન માટેના ટેરીફનું નિયમન માન. ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા થાય છે.
2. તે મુજબ, કંપની દ્વારા માન. વીજ નિયમન આયોગ સમક્ષ વર્ષ ૨૦૨૧-૨૨ ના ટ્રુઅપ તેમજ વર્ષ ૨૦૨૩-૨૪ માટે એઆરઆર તેમજ વીજ પરિવહન દર નક્કી કરવા માટે માન. આયોગના મલ્ટી યર ટેરીફ જાહેરનામાં ૨૦૧૬ મુજબ પીટીશન નં. ૨૧૬૩/૨૦૨૨ દાખલ કરેલ. છે.

**ટેબલ ૧: સૂચિત ટ્રાન્સમીશન ટેરીફ વર્ષ ૨૦૨૩-૨૪ (રૂ. કરોડ)**

| અનુ. નં. | વિગતો | વર્ષ ૨૦૨૩-૨૪ |
|---|---|---|
| ૧ | વાર્ષિક રાજસ્વી જરૂરિયાત વર્ષ ૨૦૨૩-૨૪ (રૂ. કરોડ) | ૫૪૯૦.૭૦ |
| ૨ | રેવન્યુ ગેપ/(સરપ્લસ) વર્ષ ૨૦૨૧-૨૨ (રૂ. કરોડ) | ૩૧૩.૦૭ |
| ૩ | વર્ષ ૨૦૨૦-૨૧ ના ૭માં પગાર રીવીસનના અપ્રાપ્ત નાણાંની અસર | ૧૧.૫૧ |
| ૪ | વર્ષ ૨૦૨૧-૨૨ ની રેવન્યુ ગેપને ગણતરીમાં લીધા પછીનો ARR (રૂ. કરોડ) | ૫૮૧૫.૨૯ |
| ૫ | કુલ મે.વો. એલ્લોકેશન | ૩૭૨૦૧ |
| ૬ | પ્રવાહન ખર્ચ (રૂ./મે.વો./દિવસ) | ૪૨૭૧ |
| ૭ | STOA માટે પ્રવાહન ખર્ચ (Collective & Bilateral) પૈસા/યુનિટ | ૩૮.૯૭ |

3. ટેરીફ પીટીશનના હેતુ માટેનુ મુખ્ય નાણાકીય વિવરણ નીચે મુજબ છે.

- નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ નો સંચાલન અને નિભાવ ખર્ચ, વધારાના ૭૭૮ નબર બેય્સ (Bays) અને ૧૯૪૪.૪૭ સર્કીટ કિલોમીટર ટ્રાન્સમીશન લાઈનને આધારે ગણતરી કરવામાં આવેલ છે.
- ૪.૧૫% ના દરે ઘસારો (Depreciation) ધ્યાનમાં લીધેલ છે.
- નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ નો લોનનો વ્યાજનો દર ૬.૪૦ % ગણતરીમાં લીધેલ છે.
- રીટર્ન ઓન ઈક્વીટી (મૂડી પરનું વળતર) (RoE)- મલ્ટી યર ટેરીફ રેગ્યુલેશન ૨૦૧૬,ના આધારે, ૧૪% લીધેલ છે.
- સ્પેર્સ અને મેઈન્ટેનન્સની જરૂરિયાતની ગણતરી શરૂઆત ના GFA ના ૧ % ગણવામાં આવેલ છે.
- વર્કીંગ કેપીટલ ઉપર વ્યાજ ગણવા માટે એસ.બી.આઈ. ના નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટેના ભારિત સરેરાશ (weighted average) MCLR રેટ+૨૫૦ બેઝીસ પોઈન્ટ લેવામાં આવેલ છે, એટલે કે, ૯.૫૦ %
- નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે જેટ્કો દ્વારા રૂ. ૪૬૧.૦૬ કરોડ ભરપાઈ કરેલ ઈન્કમટેક્ષ ગણતરી માં લીધેલ છે.
- ૯૮.૫ % ટાર્ગેટની ઉપલબ્ધતા કરતા વધારે ઉપલબ્ધતાને ધ્યાનમાં રાખી જેટ્કો દ્વારા રૂ.૪૬.૩૨કરોડ ઈન્સેન્ટીવ તરીકે ગણતરી લેવામાં આવેલ છે.
- જેટ્કોએ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે એક્સપેન્સ કેપીટલાઈઝ્ડ રૂ.૩૧૧.૯૯ કરોડ ગણતરીમાં લીધેલ છે.
- જેટ્કોએ નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે રૂ.૪૫૬.૨૪ કરોડ અન્ય આવકને ગણતરીમાં લીધેલ છે.

4. જેટ્કોએ એ બધાજ રીન્યુએબલ સ્તોત જેવાકે વિન્ડ, સોલાર, બાયોમાસ, બગાસ, Minihydel, MSW પાવર પ્રોજેક્ટ માટે રીએક્ટીવ પાવરના વપરાશ માટેના હયાત દર ચાલુ રાખવા માટે પ્રસ્તાવ કરેલ છે, જે નીચે મુજબ છે.

**ટેબલ ૨ : રીએક્ટીવ એનેર્જી**

| ક્રમ | કેટેગરી | દર |
|---|---|---|
| ૧ | નેટ એનર્જીના એક્સપોર્ટના ૧૦ % કે એનાથી ઓછા રીએક્ટીવ એનેર્જીના વપરાશ માટે | ૧૦ પૈસા/kVARh |
| ૨ | નેટ એનર્જીના એક્સપોર્ટના ૧૦ % થી વધારે રીએક્ટીવ એનેર્જીના વપરાશ માટે | ૫૦ પૈસા/ kVARh |

5. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માટે હાંસલ કરેલ અગત્યના ચાવીરૂપ ઘટકો અંગે જેટ્કોનું વિવરણ નીચેના ટેબલમાં દર્શાવેલ છે.

**ટેબલ ૩: ટ્રાન્સમીશન લોસ**

| વિગત | SLDC મુજબ વાસ્તવિક લોસ | GETCO મુજબ વાસ્તવિક લોસ |
|---|---|---|
| **ટ્રાન્સમીશન લોસ** | ૩.૬૦ % | ૩.૬૦ % |

**ટેબલ ૪: ટ્રાન્સમીશન સીસ્ટમની ઉપલબ્ધતા**

| વિગત | વાસ્તવિક ઉપલબ્ધતા |
|---|---|
| **ટ્રાન્સમીશન સીસ્ટમની ઉપલબ્ધતા** | ૯૯.૪૬% |